અપીલ અરજી નં.૩૮૪ તા.૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી ડો. પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નેહા ચંદ્રકાત સીંગાપુરી ની તા. ૭–૧૦–૧૧ની અરજીથી માગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૪/૨૦૧૧–૧૨

શ્રી નેહા ચંદ્રકાત સીંગાપુરી ની તા. ૭–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ ડો. પંકજ જયંતિલાલ ગાંધી ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની નકલ સહ વિગતો મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૯૩ તા.૧૬–૧૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા ડો. પંકજ જયંતિલાલ ગાંધીને **મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત અપીલ સાથે રજૂ કરેલ ન હોઈ** તે રજૂ કરવા પત્ર પાઠવવાવમાં આવેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.એ.આર.ડી/૨૪૫ તા.૯–૧૨–૧૧ માં અરજદાર શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરી ને પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ / આઉટ/૧૫૦૮ તા.૧૬–૧૧–૧૧ થી પુરી પાડેલ માહિતીના પત્રની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આઉટ/૧૨૩૩ તા.૧૦–૧૧–૧૧ થી ચીફ ફાયર ઓફિસરને તબદીલ કર્યા પત્રની નકલ, એડવોકેટ શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરીની મુળ અરજીની નકલ, પંકજ જયંતિલાલના પાર્ટીસ્ટેટસની નકલ, આરોગ્ય નિરીક્ષક વોર્ડ નં.૩/બી સલાબતપુરા (સેન્ટ્રલઝોન) ના રીપોર્ટની નકલ, શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરીની અરજીની નકલ, અત્રે મળેલ છે. જયારે ડો. પંકજ જયંતિલાલ ગાંધી તરફથી તા.૧૯–૧૧–૧૧નો પત્ર, તા.૧૭–૧૦–૧૧થી ફી ભર્યાની રસીદની નકલ, અત્રે મળેલ છે.

શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરી તા.૭–૧૦–૧૧ થી માહિતી માંગતી અરજી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ને કરવામાં આવેલ. જે બાબતે અરજદારે સમય મર્યાદામાં માહિતી મળેલ નહીં હોવાનું જણાવી તા.૨૯–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.એઆરડી/ ૨૫૪ તા.૯–૧૨–૧૧ ના રોજ તા.૭–૧૦–૧૧ ના રોજની આરટીઆઈ હેઠળની શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરીની અરજી આઈ ડી નં.૯૮૧ ની માહિતી પુરી પાડવામાં આવેલ. જયારે અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત અપીલ સાથે રજૂ કરેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવાવમાં આવેલ. જેના અનુસંધાને તા.૧૯–૧૧–૧૧ ના પત્રથી રજુ કરેલ માહિતિમાં અત્રેથી પાઠવેલ પત્રની નકલમાં અત્રે થી ૭–૧૦–૧૧ની અરજીની માહિતી માંગવામાં આવેલ જેમાં અરજદારે તા.૧૭–૧૦–૧૧ સુધારો કરેલ માલુમ પડેલ છે. તેમજ પત્રમાં ૧૭ અને ૭ તારીખ અંગે ચોકકસ દેખાતું ન હોવાથી બંને વિગતો રજુ કર્યાનું જણાવેલ છે. જેમા રસીદ નં.૩૪૨૫૪ અરજી ફીની વિગત નેહા સિંગાપુરીની અરજીના સંદર્ભમાં છે. સાથે તા.૧૭–૧૦–૧૧ ના રોજ અરજદારની અરજીની રસીદ રજુ કરેલ છે. પરંતુ તા.૧૭–૧૦–૧૧ની માહિતી માંગતી અરજીની વિગત રજુ કરેલ નથી. પરંતુ તા.૭–૧૦–૧૧ ની નેહા સિંગાપુરીની અરજીની વિગત , ફી ભર્યા ની વિગત અને જાહેર માહિતી અધિકારીએ તા.૭–૧૦–૧૧ ની અરજી બાબતે નેહા ચંદ્રકાંત સીંગાપુરીને આપેલ માહિતી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આઉટ/૧૫૦૮ તા.૧૬–૧૧–૧૧ પત્રની નકલ રજુ કરેલ છે તથા તેનોજ ચીફ ફાયર ઓફિસરને પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આઉટ/૧૨૩૩ તા.૧૦–૧૧–૧૧ થી તબદીલ પત્રની નકલ રજુ કરેલ છે. આમ અરજદારે તા.૭–૧૦–૧૧ની અરજી બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ જે અપીલ કરાવમાં આવેલ છે તે અપીલ નેહા ચંદ્રકાંત સીંગાપુરીની મુળ અરજી સામે કરેલ છે. આમ અરજી કરનાર અને અપીલ કરનાર બન્ને અલગ–અલગ વ્યકિત હોવાનું જણાય છે. પ્રસ્તુત કિસ્સામાં મુળ અરજદાર શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરી છે અને તેમના ધ્વારા અપીલ થયેલ નથી જયારે એપેલેન્ટ ડો. પંકજ જયંતિલાલ ગાંધી ધ્વારા મુળ અરજી કરવામાં આવેલ ન હોઈ ડો. પંકજ જયંતિલાલ ગાંધી ની અપીલ અરજી માટે આરટીઆઈ કાયદાની કલમ ૬(૧),૭ (૧) અને ૧૯(૧) સાથે રાખતાં અપીલનું કારણ ઉત્પન થતું ન હોઈ આપની અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ડો. પંકજ જયંતિલાલ ગાંધીએ તા.૮–૧૧–૧૧ ના રોજ કરેલ અપીલના મુળ અરજદાર નેહા ચંદ્રકાંત સીંગાપુરી હોવાથી તેની સામે કરેલ અપીલ કર્તા અને અરજી કર્તા અલગ અલગ વ્યકિત હોવાથી આરટીઆઈ કાયદાની કલમ ૬(૧),૭ (૧) અને ૧૯ (૧) સાથે રાખતાં આ અપીલના એપેલેન્ટ શ્રી પંકજ જયંતીલાલ ગાંધી માટે અપીલનું કારણ ઉત્પન થતું ન હોઈ અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી. અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન.મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)......જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી,